


Editorial....

# જીએસટી પર વિપક્ષનાં બેવડાં ધોરણ

જીએસટી કાઉન્સિલ દ્વારા પેકેટબંધ દહીં, લસ્સી, લોટ, પનીર સહિત કેટલીક બીજી ખાદ્ય સામગ્રીઓ પર પાંચ ટકા જીએસટી લગાવવાનો કોંગ્રેસ સહિત કેટલાક વિપક્ષી દળો વિરોધ કરી રહ્યા છે. તેઓ એવું જાહેર કરી રહ્યા છે કે આ નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે. જોકે આ નિર્ણય કેન્દ્ર સરકારનો નહીં, પરંતુ જીએસટી કાઉન્સિલનો છે. આ એક નીતિગત નિર્ણય છે, જેથી તેનો વિરોધ કે સમર્થન પણ નીતિગત હોવા જોઈએ. તથ્યોને બાજુ પર મૂકીને તેનો વિરોધ તર્કહીન રાજકારણ સિવાય બીજું કશું જ નથી. તથ્ય એ છે કે જીએસટીના દરોમાં બદલાવ સંબંધે કોઈપણ નિર્ણય લેવાનો અધિકાર જીએસટી કાઉન્સિલનો છે. જીએસટી કાઉન્સિલમાં તમામ રાજ્યોના નાણાંમંત્રીઓ એના સદસ્યો છે. કોઈ નિર્ણય સંબંધે રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને વોટિંગનો અધિકાર મળેલો છે. તેથી એ માનવું બિલકુલ ખોટું છે કે જીએસટીના દરો બાબતનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે છે. વાસ્તવમાં તેમાં રાજ્યોની પર્યાપ્ત ભૂમિકા અને હિસ્સેદારી હોય છે. અત્યાર સુધી જે નિર્ણયો લેવાયા છે તેમાં વોટિંગ કરાવવાની સ્થિતિ પણ બહુ ઓછી આવી છે. મોટાભાગના નિર્ણય રાજ્યો અને કેન્દ્ર પરસ્પર સહમતિથી જ લઈ લે છે. પેકેટબંધ દહીં, લસ્સી, પનીર વગેરે વસ્તુઓ પર પાંચ ટકા જીએસટી લગાવવાનો નિર્ણય પણ સર્વાનુમતે જ લેવાયો છે!

ઉલ્લેખનીય છે કે કોવિડની ગંભીર પરિસ્થિતિઓને જોતાં ગત ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ લખનૌમાં થયેલ જીએસટી કાઉન્સિલની ૪૫મી બેઠકમાં તમામ રાજ્યો તરફથી ટેક્સ દરોમાં બદલાવ મુદ્દે કેટલીક માંગો રજૂ કરવામાં આવી. જીએસટી દરોમાં બદલાવોની માંગો પર વિચાર કરવા માટે જીએસટી કાઉન્સિલે સાત રાજ્યોના પ્રતિનિધિત્વ વાળા એક મંત્રી સમૂહની રચના કરી. એ મંત્રીસમૂહમાં એનડીએ શાસિત રાજ્યો- કર્ણાટક, બિહાર, ઉત્તર પ્રદેશ અને ગોવા ઉપરાંત વિપક્ષી રાજ્યો કેરળ, બંગાળ અને રાજસ્થાનના નાણાંમંત્રી પણ રહ્યા.

આજે કોંગ્રેસ સહિત કેટલાક અન્ય પક્ષો જીએસટીના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે તો એ જોવું જરૂરી છે કે જીએસટી કાઉન્સિલની બેઠકમાં તેમની સરકારોનો પક્ષ કેવો હતો? સચ્ચાઈ એ છે કે જીએસટી કાઉન્સિલની બેઠકમાં તમામ રાજ્યોની સર્વાનુમતિથી જ નવા દરો લાગુ કરવાનો નિર્ણય લેવાયો. જો નિર્ણય ખોટો હોય તો શું રાજસ્થાનની કોંગ્રેસ સરકારે બેઠકમાં એના પર વાંધો ઉઠાવ્યો? જવાબ છે - ના. શું તૃણમૂલ કોંગ્રેસે અસહમતિ વ્યક્ત કરી? જવાબ છે - ના. શું કેરળની ડાબેરી સરકારે તેના પર વાંધો ઉઠાવ્યો? જવાબ છે- ના. તો પછી આ નિર્ણયનો વિરોધ કરી રહેલી કોંગ્રેસના વિરોધનો આધાર શો છે? કે પછી તે વિરોધ ખાતર જ વિરોધ કરી રહી છે?

# ગુજરાતના બાવળા સ્થિત ઇરેડિયેશન પ્લાન્ટને અમેરિકાના કૃષિ વિભાગ અને પ્લાન્ટ હેલ્થ ઇન્સ્પેક્શન સર્વિસ દ્વારા મંજૂરી મળી

**કેરી અને દાડમની નિકાસ માટે USDA-APHIS દ્વારા માન્યતા પ્રાપ્ત ગુજરાતનો પ્રથમ અને દેશનો ચોથો પ્લાન્ટ**



**(માહિતી) અમદાવાદ,**
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વમાં વધુ એક સફળતા રાજ્યને મળી છે. બાવળા સ્થિત ગુજરાત એગ્રો રેડિએશન પ્રોસેસિંગ સુવિધાને (GARPF) યુએસડીએ-એપીએચઆઈએસ (USDA-APHIS)ની મંજૂરી મળી ગઈ છે. હવે ગુજરાતની કેરીની અમેરિકામાં નિકાસ કરવાને વેગ મળશે. USDA-APHIS એ નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન (NPPO)ની ટીમ સાથે મળીને GARPFનું ઓડિટ કર્યું હતું. ઓડિટ બાદ તા. ૨/૭/૨૦૨૨ના બાવળા સ્થિત પ્લાન્ટને મંજૂરી આપવામા આવી હતી. કેરી અને દાડમના નિકાસ માટે USDA-APHISની મંજૂરી મેળવનાર આ ગુજરાતનો આ પ્રથમ પ્લાન્ટ છે.

નિર્ધારિત ધોરણો મુજબ, કેરીને યુએસએમાં નિકાસ કરતા પહેલા તેનું ઈરેડિયેશન ફરજિયાત છે. ઈરેડિયેશન પ્રક્રિયા યુએસના ક્વોરેન્ટીન નિરીક્ષકોની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવે છે. આ મંજુરી બાદ ગુજરાતમાંથી સીધી કેરીની નિકાસ કરવામાં આવશે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (GAIC) એ રાજ્ય સરકારનું સાહસ છે જેમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) હેઠળ ૨૦૧૪માં અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનો માટે ૧,૦૦૦ કિલો-ક્યુરી (kCi) મલ્ટીપર્પઝ સ્પ્લિટ ટાઈપ, પેલેટાઈઝ્ડ રેડિયેશન પ્રોસેસિંગ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. તેમાં આશરે રૂ. ૨૦ કરોડનું મૂડી રોકાણ કરવામા આવ્યું છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) અને બોર્ડ ઓફ રેડિએશન અને આઈસોટોપ ટેક્નોલોજીના (BRIT) ટેક્નિકલ માર્ગદર્શન અને સહાયથી આ સુવિધા વિકસિત કરવામા આવી છે. ભારતમાં આ એકમાત્ર સુવિધા છે જે ડુંગળી, બટેટા, અનાજ, કઠોળ, ઈસબગોલ, મસાલા, સૂકી ડુંગળી/સૂકા શાકભાજી અને તબીબી ઉત્પાદનોને ઓછા, મધ્યમ અને ઉચ્ચ માત્રાના ડોઝમાં જરૂરિયાત અનુસાર ઈરેડિયેટ કરી શકે છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી ડી.કે. પારેખ (IAS) ઓડિટ દરમિયાન હાજર હતા. તેમણે ઓડિટ ટીમને આ પ્લાન્ટના મહત્વ વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારત સરકારે ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ કચ્છને મેંગો ક્લસ્ટર તરીકે જાહેર કર્યું છે. તેથી આ સુવિધાના લીધે ગુજરાતમાંથી કેરીની નિકાસને આવનારા સમયમાં મોટાપાયે ફાયદો થશે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. એ કેરીની નિકાસ માટે જરૂરી ત્રણ માળખાકીય સુવિધાઓની સ્થાપના એક જ જિલ્લામાં કરી છે. તેમાં ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ, ગામા રેડિયેશન સુવિધા અને પેરિશેબલ એર કાર્ગો કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે. USDA-APHIS મંજૂરી પછી, ઈરેડિયેશન સુવિધાના લીધે કેરીની ગુણવત્તાને વધુ સારી રીતે નિર્ધારિત કરી શકાશે અને પરિવહન તેમજ બગાડના લીધે થતો ખર્ચો અટકાવી શકાશે.

# આપત્તિ સમયે અમદાવાદ ફાયર વિભાગની કાબિલેદાદ બચાવ કામગીરી

**(માહિતી) અમદાવાદ,**
સમગ્ર રાજ્યમાં ગત્ અઠવાડિયે ભારે વરસાદની પરિસ્થિતી સર્જાઇ હતી. વરસાદી પરિસ્થિતિ વચ્ચે સરકાર અને સમાજ સૌએ સાથે મળીને કુદરતી આપતીનો દ્રઢતાપૂર્ણ સામનો કર્યો. હાલ પણ ઘણા સ્થળોએ દ્ગઙ્ઘઇહ્લ અને SDRFના જવાનો દ્વારા બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ શહેરમા પણ ફાયર વિભાગ દ્વારા ભારે વરસાદની પરિસ્થિતિમાં છેલ્લા આઠ દિવસમાં ૫૧ જેટલા બચાવ કામગીરી અને આગ લાગવાના કોલ એટેન્ડ કાબિલેદાદ સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે.



છેલ્લા આઠ દિવસમાં અમદાવાદ ફાયર વિભાગને બચાવ કામગીરી માટે ૩૧ અને આગ લાગવાના બનાવમાં મદદ માટે ૨૦ જેટલા કોલ આવ્યા હતા. જે તમામ કોલના ગણતરીના કલાકોમાં જ ફાયર વિભાગ દ્વારા સુપેરે અને સુખદ નિવારણ લાવવામાં સફળતા મળી છે. તમામ કોલની વિગતો આપતા અમદાવાદ ફાયર વિભાગના અધિકારી ઓમ જાડેજા જણાવે છે કે, ફાયર વિભાગને બચાવ કામગીરી માટે આવેલા કોલમાં ૭ કોલ વરસાદના કારણે ગાડીમાં ફસાયેલા માણસોની મદદ માટે આવ્યા હતા. જેમાં ૧૪૧ માણસોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા છે. દિવાલ ધસી જવાના ૪ કોલ આવ્યા જેમાં ૫ વ્યક્તિઓ દટાઈ ગયા હતા જેમને પણ સફળતાપૂર્ણ બહાર કાઢવામાં આવ્યા છે જેમાંથી ૧ વ્યક્તિને ઈજા થઈ છે પરંતુ સઘન સારવાર મળતા હાલ તે સંપૂર્ણપણે સ્વસ્થ છે.

ફાયર વિભાગને મકાન પડવાના પણ એક કોલ આવ્યો હતો જેમાં પણ સફળતાપૂર્ણ બચાવકામગીરી હાથ ધરવામા આવી છે. શહેરમાંથી ઝાડ પડી જવાના કુલ ૧૮ કોલ ફાયર વિભાગને મળ્યા હતા જેનું પણ સુપેરે નિકાલ કરીને પરિસ્થિતિને પૂર્વવત કરવામાં આવી.તદ્ઉપરાંત ઈલેક્ટ્રીક થાંભલો પડવાનો એક કોલ મળ્યો હતો જેમા પણ સ્થળ પર જઈને સઘન પ્રક્રિયા હાથ ધરીને સ્થિતિ પૂર્વવત કરી છે. જ્યારે ફાયર લાગવાના કુલ ૨૦ કોલ મળ્યા જેમાંથી ૧૭ કોલ ઈલેકટ્રીક શોટ સર્કિટના, જ્યારે ૩ કોલ ફેકટરીમાં આગ લાગવાના મળ્યા હતા. જેમાં પણ ગણતરીની મીનિટોમાં જ ફાયર વિભાગના જવાનોને સ્થળ પહોંચીને સમગ્ર સ્થિતિને કાબૂમાં લીધી હતી.

**ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અમદાવાદ ફાયર વિભાગને આઠ દિવસમાં બચાવ કામગીરીના ૩૧ અને આગ લાગવાના ૨૦ કોલ આવ્યા**

# બાકરોલ પાંજરાપોળમાં મ્યુનિ. તંત્ર દ્વારા સફાઇ હાથ ધરાઇ

**(એજન્સી)અમદાવાદ,**
તાજેતરમાં મ્યુનિ.સંચાલિત બાકરોલ પાંજરાપોળમાં રખાયેલી ગાયોનાં મોતને લઈને ભારે વિવાદ ઊભો થયો છે. વિપક્ષ કોંગ્રેસના નેતા શહેઝાદ પઠાણે બાકરોલ પાંજરાપોળની મુલાકાત લઈને ૨૦૦થી વધુ ગાયનાં અકાળે મૃત્યુ થયાં હોવાનો તંત્ર પર ગંભીર આક્ષેપ કર્યો છે.

જોકે શાસકોએ આ આક્ષેપને ફગાવ્યો છે. દરમિયાન, મ્યુનિ.સત્તાવાળાઓ દ્વારા બાકરોલ પાંજરાપોળમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હોવાની ઊઠેલી ફરિયાદો બાદ ત્યાં સાફ સફાઈ હાથ ધરાઈ છે.

બાકરોલ પાંજરાપોળમાં ગાયોનાં મૃત્યુ થયાંના મામલે તંત્ર દ્વારા સત્તાવાર રીતે રદિયો અપાયો છે. આ પાંજરાપોળનું વર્ષ ૨૦૨૧થી મ્યુનિ.તંત્ર દ્વારા સંચાલન કરવામાં આવે છે અને ત્યાં તા.૧૯ જુલાઈની સ્થિતિએ ૧૬૮૭ જેટલાં પશુ છે, જે પૈકી તા.૧૯ જુલાઈએ ૩૨ જેટલાં બીમાર પશુઓને જીવિત અવસ્થામાં ભાભર પાંજરાપોળ ખાતે મોકલાયાં હતાં.

તંત્રમાં વધુમાં એવો દાવો છેકે બીમાર પશુઓની સારવાર પશુ ડોકટરો દ્વારા કરવામાં આવે છે તેમજ ૨૨ હજાર કિલો લીલું ઘાસ અને આઠ હજાર કિલો સૂકાં ઘાસની દૈનિક વ્યવસ્થા કરાઈ છે. પાંજરાપોળ ખાતે પીવાનાં પૂરતા પાણીની પણ વ્યવસ્થા ઊભી કરાઈ છે. બાકરોલ પાંજરાપોળમાં બે શિફ્ટમાં તમામ શેડની સાફ સફાઈ પણ નિયમિત ધોરણે કરવામાં આવે છે.

હાલની ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને યોગ્ય સાફ સફાઈ પર વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. છેલ્લા ચાર દિવસથી પાંચ ડમ્પર, બે જેસીબી અને એક સક્શન પંપની મદદથી સાફ સફાઈ હાથ ધરાઈ છે તેમ જણાવતાં તંત્રના ઢોર ત્રાસ અંકુશ નિવારણ વિભાગનાં સૂત્રો વધુમાં કહે છે કે શહેરમાંથી બીમાર પશુઓને સારવાર માટે બો એમ્બ્યુલન્સ મારફતે બાકરોલ પાંજરાપોળ ખાતે લાવવામાં આવે છે.

# ગઢડામાં સર્વાઈકલ કેન્સર રસીકરણ

ગઢડાઃ લક્ષ્મીનારાયણદેવ મહીલા મંડળ દ્વારા મહીલાઓમાં ગર્ભાશયના કેન્સર અંગે જાગૃતિ આવે અને તેની સુરક્ષા માટે ડો.ઉર્વશી કુંવરબા અને ઉ.પ્ર.ગવર્નર શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શ હેઠળ સર્વાઈકલ કેન્સર રસીકરણ અભિયાન કાર્યરત છે. આ અભિયાન અંતર્ગત બોટાદ ગઢડા તથા રાજકોટ ખાતે ૧૦૦ થી પણ વધુ બાલીકાઓ તેમજ કિશોરીઓએ ગર્ભાશયના કેન્સર સામેમ રક્ષણ મેળવવા હેતુ રસીકરણનો લાભ લીધો હતો. આ કેમ્પમાં ગઢડા, બોટાદ સેથળી, તુરખા, લાઠીદડ, નિગાળા, ગુંદાળા, માંડવધાર તેમજ રાજકોટ ગામની દીકરીઓ જોડાઈ હતી.

# નોન-વુવન ફેબ્રીકની ૬૦ જીએસએમથી વધુની બેગ સિંગલ યુઝ્ડ પ્લાસ્ટીકનો યોગ્ય વિકલ્પ




**અમદાવાદ,**
ધ ઈન્ડીનોન મેન્યુફેક્ચર્સ એસોસિએશન ઓફ નોન-વુવન કે જે સ્પનબાઉન્ડ નોન વુવન ફેબ્રીકના ગુજરાતના મેન્યુફેકચરર્સ છે જણાવે છે કે ૬૦ જીએસએમથી વધુની નોન વુવન ફેબ્રીક બેગ રિસાયકલ થઈ શકે છે અને તેનો ફરીથી ઉપયોગ થઈ શકતો હોવાથી તે સિંગલ યુઝ્ડ પ્લાસ્ટીક બેગનો યોગ્ય વિકલ્પ છે.

ઈન્ડીનોનના પ્રેસિડેન્ટ સુરેશ પટેલ જણાવે છે કે ''પર્યાવરણને અસર થતી હોવાના કારણે પર્યાવરણ વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલયે તા.૧ જુલાઈથી ૬૦ જીએસએમથી વધુની સિંગલ યુઝ પ્લાસ્ટીકની કેટલીક બેગ્ઝ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. પર્યાવરણ મંત્રાલયે ૬૦ GSMથી વધુની નોન વુવન ફેબ્રીક બેગ વાપરવાની મંજૂરી આપી છે. આ બેગ ફરીથી ઉપયોગ કરી શકાય અને રિસાયકલ થઈ શકે તેવી છે તથા ઓછામાં ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ ધરાવતી હોવાથી તે ગ્રાહકો અને વેચાણ કરનાર વર્ગ માટે સિંગલ યુઝડ પ્લાસ્ટીક બેગનો યોગ્ય વિકલ્પ છે.''

નોન-વુવન ફેબ્રીક શબ્દ એટલા માટે વપરાય છે, કારણ કે વણાટની પરંપરાગત પધ્ધતિના બદલે તેના ફાયબરને ગરમીથી જોડીને ઉત્પાદન કરવામાં આવે છે. નોન-વુવન ફેબ્રીક કાપડ જેવું જ પોત ધરાવે છે. દેશમાં નોન-વુવન ફેબ્રીકના ૩૦૦થી વધુ સ્પન-બાઉન્ડ ફેબ્રીકના ઉત્પાદકો છે. ગુજરાતમાં ૬૦ જેટલા નોન-વુવન ફેબ્રીકના ઉત્પાદકો છે. ભારતમાં ૧૦ હજારથી વધુ ઉત્પાદકો નોન-વુવન બેગનું ઉત્પાદન કરે છે, જયારે ગુજરાતમાં નોન-વુવન બેગના ૩૦૦૦ ઉત્પાદકો છે. આ સેક્ટર દેશમાં વધુ ૨ લાખથી વધુ કામદારોને તથા ગુજરાતમાં ૪૦ હજારથી વધુ કામદારોને રોજગારી પૂરી પાડે છે.

# વેરાવળમાં મકાન પર કબજો કરનાર પૌત્ર સામે નોંધાતો ગુનો

વેરાવળ, વેરાવળમાં ભાલપરા વિસ્તારમાં રહેતા હીરાલાલ ચાવડા અને તેની પત્ની મજુલાબેન નામનું વૃદ્ધ દંપતી રહેતું હતું અને હીરાલાલને કિડનીની સારવાર અર્થે બે દિવસ માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા ત્યારે રેઢા પડેલા મકાનમાં હીરાલાલના પુત્ર ડાયાલાલની પ્રથમ પત્નીનો ચોરવાડ રહેતા પુત્ર રાહુલે મકાન પર કબજો કરી લીધો હતો. બાદમાં વૃદ્ધ દંપતીએ પૌત્ર રાહુલને સમજાવતા ઉશ્કેરાયો હતો ને વૃદ્ધ દાદા-દાદીને મારી નાખવાની ધમકી આપી કાઢી મુકયા હતા. આ મામલે મંજુલાબેને તેના પૌત્ર રાહુલ વિરુદ્ધ ૨૦૨૧માં કલેકટર સમક્ષ ફરિયાદ કરી હતી અને આ મામલે ગુનો નોંધવા હુકમ કર્યો હતો.

# મંડળ રેલ પ્રબંધક દ્વારા રેલ્વે સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ બે રેલ કર્મચારી સન્માનિત



**અમદાવાદ,**
પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ના બે કર્મચારીઓને તકેદારી અને સતર્કતા સાથે રેલવે સંરક્ષામાં(સેફટી) ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મંડળ રેલ પ્રબંધક તરુણ જૈન દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી એ.વી. પુરોહિતના જણાવ્યા મુજબ, વિભાગના કર્મચારી પ્રદીપકુમાર ઓઝા, લોકો પાયલોટ-ગાંધીધામ અને ઓપરેશન વિભાગના કર્મચારી, બસંતલાલ કુલદીપ ગાર્ડ-ગાંધીધામ, એવોર્ડ મેળવનાર બંને કર્મચારીઓએ તકેદારીના કારણે સમયસર સંભવિત ટ્રેન અકસ્માતને સમયસર બચાવી લીધો હતો. રેલ્વે સંરક્ષા ક્ષેત્રેમાં એવોર્ડ મેળવનાર બંને રેલ્વે કર્મચારીઓને અભિનંદન આપતા ડીઆરએમ જૈને તેમને સલામતીને લગતા તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરવા અને તેમની સમજણ અને તત્પરતાથી કોઈપણ પ્રકારના રેલ્વે અકસ્માતને રોકવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.


## સુપર બેકર્સ (ઈન્ડિયા) લિમિટેડ

[CIN: L74999GJ1994PLC021521]
**રજીસ્ટર્ડ ઓફિસ :** હીરાવાડી ચાર રસ્તા પાસે, અનીલ સ્ટાર્ચ મીલ રોડ, અમદાવાદ-૩૮૦૦૨૫

**૨૮મી વાર્ષિક સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા (AGM) શુક્રવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૧.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (VC)/અન્ય ઓડીઓ વિડિયો માધ્યમ (OAVM) દ્વારા યોજાશે. જે AGM નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ સારુ મળશે.

કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તા.૫મી મે, ૨૦૨૦, પરિપત્ર નં. ૨૨/૨૦૨૦ તા. ૧૫મી જૂન, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ પરિપત્ર નં ૨૧/૨૦૨૧ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં ૦૨/૨૦૨૨ તા. ૫મી મે, ૨૦૨૨ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા.૧૨મી મે, ૨૦૨૦ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, પરિપત્ર નં SEBI/HO/DDHS/P/CIR/૨૦૨૨/૦૦૬૩ તા. ૧૩મી મે, ૨૦૨૨ (''પરિપત્રો'') દ્વારા AGM કોઈપણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર, VC/OAVM દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર્સ રિક્વાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની AGM VC/OAVM દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ જે સભ્યોના E-Mail ID કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે. સભ્યોએ નોંધ લેવી કે AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ કંપનીની વેબસાઈટ www.superbread.com સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા સીડીએસએલની વેબસાઈટ : www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે. સભ્યો AGMમાં ફક્ત VC/OAVM દ્વારા હાજર રહી શકશે અને ભાગ લઈ શકશે. AGMમાં જોડાવવાની વિગતો/સુચનો AGMની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, VC/OAVM દ્વારા જોડાયેલ સભ્યોને, કોરમની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.

કંપની દ્વારા તમામ સભ્યોને AGMની નોટિસમાં વર્ણવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા પણ AGM દરમિયાન કંપની દ્વારા અપાશે.

જે સભ્યોએ પોતાના E-Mail ID કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે :

૧. જે સભ્યો ફિઝિકલ શેર ધરાવે છે : ફોલિયો નંબર, શેર સર્ટિફિકેટની સ્કેન્ડ કોપી (આગળ અને પાછળ), પાન કાર્ડ (સ્વ. પ્રમાણિત પાન કાર્ડની સ્કેન્ડ કોપી), આધાર કાર્ડ (સ્વ.પ્રમાણિત આધાર કાર્ડની સ્કેન્ડ કોપી). વગેરે વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લીન્ક ઈન ટાઈમ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના E-Mail ID : ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. પર મોકલવી.

૨. જે સભ્યો ડિમેટ માધ્યમથી શેર ધરાવે છે. તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા E-Mail દ્વારા ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. E-Mail ID પર મેઈલ કરીને પોતાનુ E-Mail નોંધાવી શકે છે.

૨૮મી AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ કટ ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાવેલ E-Mail ID પર મોકલવામાં આવશે.

ઈ-વોટિંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evotingindia.com ઉપર હેલ્પ સેક્શનમાં ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્વન્સ - ("FAQs") (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે. અથવા helpdesk.evoting@cdslindia.com પર E-Mail કરી શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૨૫૫૩૩ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે.

ઈ-વોટિંગને લગતી કોઈપણ ફરિયાદ હોય તો, શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, એ વિન્ગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચુરેક્ષ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૩નો સંપર્ક ઈ-મેઈલ : helpdesk.evoting@cdslindia.com પર અથવા ૧૮૦૦૨૨૫૫૩૩ નંબર ઉપર કરી શકાશે.

બોર્ડના હુકમથી
**સુપર બેકર્સ (ઈન્ડિયા) લિમિટેડ** વતી,
અંકિતા અમેરિયા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

**સ્થળ :** અમદાવાદ.
**તારીખ :** ૨૧મી જુલાઈ, ૨૦૨૨



## ગુજરાત ક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

[CIN: L25111GJ1984PLC007130]
રજી. ઓફિસ : પ્લોટ નં. ૪૩૧, સાંતેજ-વડસર રોડ, ગામઃ સાંતેજ, તાલુકોઃ કલોલ-૩૮૨૭૨૧, જિલ્લો : ગાંધીનગર

**૩૮મી વાર્ષિક સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૩૮મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૧.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (VC)/અન્ય ઓડીઓ વિડિયો માધ્યમ (OAVM) દ્વારા યોજાશે. જે AGM નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ સારુ મળશે.

કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તા.૫મી મે, ૨૦૨૦, પરિપત્ર નં. ૨૨/૨૦૨૦ તા. ૧૫મી જૂન, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ પરિપત્ર નં ૨૧/૨૦૨૧ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં ૦૨/૨૦૨૨ તા. ૫મી મે, ૨૦૨૨ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા.૧૨મી મે, ૨૦૨૦ પરિપત્ર નં SEBI/HO/DDHS/P/CIR/2022/0063 તા. ૧૩મી મે, ૨૦૨૨(''પરિપત્રો'') દ્વારા AGM કોઈપણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર, VC/OAVM દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર્સ રિક્વાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની AGM VC/OAVM દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ જે સભ્યોના E-Mail ID કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે. સભ્યોએ નોંધ લેવી કે AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ કંપનીની વેબસાઈટ www.gujaratcraft.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા સીડીએસએલની વેબસાઈટ : www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે. સભ્યો AGMમાં ફક્ત VC/OAVM દ્વારા હાજર રહી શકશે અને ભાગ લઈ શકશે. AGMમાં જોડાવવાની વિગતો/સુચનો AGMની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે VC/OAVM દ્વારા જોડાયેલ સભ્યોને, કોરમની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.

કંપની દ્વારા તમામ સભ્યોને AGMની નોટિસમાં વર્ણવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત (ઈ-મત) આપવા માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈ-મત આપવા માટેની સુવિધા પણ AGM દરમિયાન કંપની દ્વારા અપાશે.

ડિવિડન્ડ અને તેની ચુકવણી માટે રેકોર્ડ તારીખ :

(૧) કંપનીએ ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ભલામણ કરેલી ડિવિડન્ડ માટે સભ્યોના હક્ક નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે બુધવાર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૨ નક્કી કરેલ છે.

(૨) AGM માં સભ્યોની મંજૂરીને આધિન :

જે સભ્યોના નામ કંપનીના સભ્ય રજીસ્ટર પર રેકોર્ડની તારીખ દેખાય છે અને ડીમેટ શેરના સંદર્ભમાં જે સભ્યોના નામ લાભકારક માલિક તરીકે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લીમીટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ દ્વારા રજૂ કરવામાં આવશે તેઓને ડિવિડન્ડ તેની ઘોષણાની તારીખથી ૩૦ દિવસ સુધીમાં ચૂકવવામાં આવશે.

(૩) સંબંધિત પરિપત્રો મુજબ ડિવિડન્ડની ચુકવણી ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને કરવામાં આવશે કે જેમણે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી છે. બેંક ખાતા વિગતો અપડેટ ન કરનાર સભ્યોને ડિવિડન્ડ વોરંટ / ડિમાન્ડ ડ્રાફ્ટ તેમના રજીસ્ટર્ડ સરનામે મોકલવામાં આવશે.

(૪) ડિવિડન્ડની ચુકવણી લાગુ દરે ટેક્સ એટ સોર્સ (ટીડીએસ) ની કપાતને આધિન રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને AGM ની સુચનાની નોંધ લેવી.

કંપની દ્વારા તમામ સભ્યોને AGM ની નોટીસમાં વર્ણવવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિક મત (ઈ-મત) આપવા માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટીસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈ-મત આપવા માટેની સુવિધા પણ AGM દરમિયાન કંપની દ્વારા અપાશે.

જે સભ્યોએ પોતાના બેન્ક ખાતાની વિગતો (ડિવિડન્ડ માટે) અને E-Mail ID કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ પોતાના બેન્ક ખાતાની વિગતો (ડિવિડન્ડ માટે) તથા પોતાના ઈમેલ આઈડી વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે :

૧. જે સભ્યો ફિઝિકલ શેર ધરાવે છે : ફોલિયો નંબર, શેર સર્ટિફિકેટની સ્કેન્ડ કોપી (આગળ અને પાછળ), પાન કાર્ડ (સ્વ. પ્રમાણિત પાન કાર્ડની સ્કેન્ડ કોપી), આધાર કાર્ડ (સ્વ.પ્રમાણિત આધાર કાર્ડની સ્કેન્ડ કોપી). વગેરે વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લીન્ક ઈન ટાઈમ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના E-Mail ID : ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. પર મોકલવી.

૨. જે સભ્યો ડિમેટ માધ્યમથી શેર ધરાવે છે. તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા E-Mail દ્વારા ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. E-Mail ID પર મેઈલ કરીને પોતાનુ E-Mail નોંધાવી શકે છે.

૩૮મી AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ કટ ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાવેલ E-Mail ID પર મોકલવામાં આવશે.

ઈ-વોટિંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evotingindia.com ઉપર હેલ્પ સેક્શનમાં ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્વન્સ - ("FAQs") (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે. અથવા helpdesk.evoting@cdslindia.com પર E-Mail કરી શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૨૫૫૩૩ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે.

ઈ-વોટિંગને લગતી કોઈપણ ફરિયાદ હોય તો, શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, એ વિન્ગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચુરેક્ષ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૩નો સંપર્ક ઈ-મેઈલ : helpdesk.evoting@cdslindia.com પર અથવા 1800225533 ઉપર કરી શકાશે.

બોર્ડના હુકમથી
**ગુજરાત ક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ** વતી,
સેજલ કણબી ,
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

**સ્થળ :** અમદાવાદ.
**તારીખ :** ૧૮મી જુલાઈ, ૨૦૨૨



## ડેનીસ કેમ લેબ લિમિટેડ

CIN: L24230GJ1980PLC003843
**રજીસ્ટર્ડ ઓફિસ:-** બ્લોક નં.૪૫૭, ગામઃ છત્રાલ, તા. કલોલ (ઉ.ગુ), જિલ્લોઃ ગાંધીનગર-૩૮૨૭૨૯.

**૪૧મી વાર્ષિક સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, ડેનીસ કેમ લેબ લિમિટેડના સભ્યોની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (VC)/અન્ય ઓડીઓ વિડિયો માધ્યમ (OAVM) દ્વારા યોજાશે. જે AGM નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ સારુ મળશે.

કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તા.૫મી મે, ૨૦૨૦, પરિપત્ર નં. ૨૨/૨૦૨૦ તા. ૧૫મી જૂન, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ પરિપત્ર નં ૨૧/૨૦૨૧ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં ૦૨/૨૦૨૨ તા. ૫મી મે, ૨૦૨૨ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા.૧૨મી મે, ૨૦૨૦ પરિપત્ર નં SEBI/HO/DDHS/P/CIR/2022/0063 તા. ૧૩મી મે, ૨૦૨૨(''પરિપત્રો'') દ્વારા AGM કોઈપણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર, VC/OAVM દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર્સ રિક્વાયરમેન્ટસ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની AGM VC/OAVM દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ જે સભ્યોના E-Mail ID કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે. સભ્યોએ નોંધ લેવી કે AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ કંપનીની વેબસાઈટ www.denischemlab.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા સીડીએસએલની વેબસાઈટ : www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે. સભ્યો AGMમાં ફક્ત VC/OAVM દ્વારા હાજર રહી શકશે અને ભાગ લઈ શકશે. AGMમાં જોડાવવાની વિગતો/સુચનો AGMની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે VC/OAVM દ્વારા જોડાયેલ સભ્યોને, કોરમની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.

કંપની દ્વારા તમામ સભ્યોને AGMને નોટીસમાં વર્ણવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત (ઈ-મત) આપવા માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટીસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈ-મત આપવા માટેની સુવિધા પણ AGM દરમિયાન કંપની દ્વારા અપાશે.

ડિવિડન્ડ અને તેની ચુકવણી માટે રેકોર્ડ તારીખ :

(૧) કંપનીએ ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ભલામણ કરેલી ડિવિડન્ડ માટે સભ્યોના હક્ક નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨ નક્કી કરેલ છે.

(૨) AGM માં સભ્યોની મંજૂરીને આધિન :

જે સભ્યોના નામ કંપનીના સભ્ય રજીસ્ટર પર રેકોર્ડની તારીખ દેખાય છે અને ડીમેટ શેરના સંદર્ભમાં જે સભ્યોના નામ લાભકારક માલિક તરીકે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લીમીટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ દ્વારા રજૂ કરવામાં આવશે તેઓને ડિવિડન્ડ તેની ઘોષણાની તારીખથી ૩૦ દિવસ સુધીમાં ચૂકવવામાં આવશે.

(૩) સંબંધિત પરિપત્રો મુજબ ડિવિડન્ડની ચુકવણી ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને કરવામાં આવશે કે જેમણે તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી છે. બેંક ખાતા વિગતો અપડેટ ન કરનાર સભ્યોને ડિવિડન્ડ વોરંટ / ડિમાન્ડ ડ્રાફ્ટ તેમના રજીસ્ટર્ડ સરનામે મોકલવામાં આવશે.

(૪) ડિવિડન્ડની ચુકવણી લાગુ દરે ટેક્સ એટ સોર્સ (ટીડીએસ) ની કપાતને આધિન રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને AGM ની સુચનાની નોંધ લેવી.

કંપની દ્વારા તમામ સભ્યોને AGM ની નોટીસમાં વર્ણવવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિક મત (ઈ-મત) આપવા માટેની વિગતવાર પ્રક્રિયા AGMની નોટીસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈ-મત આપવા માટેની સુવિધા પણ AGM દરમિયાન કંપની દ્વારા અપાશે.

જે સભ્યોએ પોતાના બેન્ક ખાતાની વિગતો (ડિવિડન્ડ માટે) અને E-Mail ID કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ પોતાના બેન્ક ખાતાની વિગતો (ડિવિડન્ડ માટે) તથા પોતાના ઈમેલ આઈડી વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે :

૧. જે સભ્યો ફિઝિકલ શેર ધરાવે છે : ફોલિયો નંબર, શેર સર્ટિફિકેટની સ્કેન્ડ કોપી (આગળ અને પાછળ), પાન કાર્ડ (સ્વ. પ્રમાણિત પાન કાર્ડની સ્કેન્ડ કોપી), આધાર કાર્ડ (સ્વ.પ્રમાણિત આધાર કાર્ડની સ્કેન્ડ કોપી). વગેરે વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લીન્ક ઈન ટાઈમ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના E-Mail ID : ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. પર મોકલવી.

૨. જે સભ્યો ડિમેટ માધ્યમથી શેર ધરાવે છે. તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા E-Mail દ્વારા ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. E-Mail ID પર મેઈલ કરીને પોતાનુ E-Mail નોંધાવી શકે છે.

૪૧મી AGMની નોટિસ તથા વાર્ષિક અહેવાલ કટ ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાવેલ E-Mail ID પર મોકલવામાં આવશે.

ઈ-વોટિંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evotingindia.com ઉપર હેલ્પ સેક્શનમાં ફ્રીક્વન્ટલી આસ્કડ ક્વેશ્વન્સ - ("FAQs") (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો ઉપયોગ કરી શકે છે. અથવા helpdesk.evoting@cdslindia.com પર E-Mail કરી શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૨૫૫૩૩ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે.

ઈ-વોટિંગને લગતી કોઈપણ ફરિયાદ હોય તો, શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ, એ વિન્ગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચુરેક્ષ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૩નો સંપર્ક ઈ-મેઈલ : helpdesk.evoting@cdslindia.com પર અથવા 1800225533 ઉપર કરી શકાશે.

**બોર્ડના હુકમથી**
**ડેનીસ કેમ લેબ લિમિટેડ વતી**
**આનલ આર. દેસાઇ**
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

**સ્થળ :** અમદાવાદ.
**તારીખ :** ૧૯મી જુલાઈ, ૨૦૨૨

# કેબિનેટ મંત્રી દ્વારા લસુન્દ્રા ખાતે ચેકડેમ અને ગ્રામ હાટનું ખાતમુહર્ત

**(પ્રતિનિધિ) નડિયાદ,**

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામે ગ્રામ વિકાસ અને ગ્રામ ગ્રામ ગૃહ નિર્માણના કેબીનેટ મંત્રી અર્જુનસિંહ ચૌહાણ દ્વારા લસુન્દ્રા ગામે ભગવાન મહાદેવના દર્શન કરી ગુજરાતના વિકાસની પ્રાર્થના કરવામા આવી. તેમજ જિલ્લા જળ સ્ત્રાવ વિકાસ એકમ અંતર્ગત લસુન્દ્રા પ્રોજેક્ટમાં ચેકડેમ અને ગ્રામ હાટનુ ખાતમુહર્ત મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું.


(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી એ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના સુશાસન હેઠણ આજે ગુજરાત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે, ગુજરાત શિક્ષણ, આરોગ્ય અન ઉદ્યોગોને વધુ વેગવાન બનવવા માટે કટિબદ્ધ છે. ગુજરાત સરકારના પારદર્શી સુશાસનને કારણે વિકાસના તમામ કાર્યો ખાતમુહૂર્તથી શરૂ કરીને લોકાર્પણ સુધી ઝડપથી પૂર્ણ કરી શકાય છે.

અઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત કેન્દ્ર સરકારના ૮ વર્ષ અને વંદે ગુજરાત વિકાસ યાત્રા દ્વારા સરકારના ૨૦ વર્ષની વિકાસગાથા અને સુશાસનની વાત ગામે ગામ સુધી પહોંચી છે. લોકો ઉત્સાહભેર આ કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે ગુજરાત સરકાર પર લોકોએ વિશ્વાસ કરી આજે ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ ગતિ કરી રહ્યું છે.

જિલ્લા જળ સ્ત્રાવ વિકાસ હેઠળ ચાલતા કાર્યક્રમો મંત્રીશ્રી એ બિરદાવ્યા. વધુમાં મંત્રીશ્રી એ ઉમેર્યુ કે આજે અધિકારીઓ અને કર્મચારીઓના પ્રામાણિક પ્રયાસથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થવા

### વરસાદ એ પ્રભુનો પ્રસાદ છે અને જળ સંચય સાથે જોડાયેલા તમામ અધિકારીઓના કામ બિરદાવવા લાયક છે :- અર્જુનસિંહ ચૌહાણ

જઈ રહ્યું છે. આજે ગુજરાતમાં કચ્છ, કાઠિયાવાડ સૌરાષ્ટ્રમાં નર્મદાનું જળ પહોંચ્યું છે. ગુજરાત સરકાર છેવાડાના નાગરિકોને પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે સતત વિચાર કરી રહી છે. કોરોના કાળમાં લગભગ ૮૦ કરોડ લોકોને મફત અનાજ વિતરણ કર્યું છે. માતાના ગર્ભથી જ તેની ચિંતા ગુજરત સરકાર કરે છે.

ખેડા જિલ્લાના વોટર શેડ વિભાગ દ્વારા ૨૦૦૯-૨૦૧૦ થી ૨૦૨૦-૨૦૨૧ સુધી પાણી સંચય અને જળસંગ્રહના કામોમાં ૨૯૩ ચેકડેમ ૩૭ ચેકવાલ, ૧૪૫ તણાવ ઊંડા કરવા કોઝ-વે કમ ચેકડેમ ૯ વેસ્ટવીયર, ૧૪ ગલીપલગ ૧૬૫ કામો મળી કુલ ૧૧૬૦ કામો કરવામાં આવ્યા છે. જેનો કુલ ખર્ચ ૧૯૩૫.૩૦ લાખ થયેલો છે. ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ દ્વારા લસુન્દ્રા ખાતે રૂ ૨,૬૮,૦૦૦ના ચેકડેમ અને ૪,૪૫,૦૦૦ના ખર્ચે તૈયાર થયેલું ગ્રામ હાટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી મેહુલ દવે, જિલ્લા પંચાયતના સદસ્ય પ્રવીણસિંહજી રાઠોડ, પ્રવીણભાઈ ડાભી, જીતુભાઈ, કઠલાલના અગ્રણી પ્રમુખ કિરણ સિંહજી, મંત્રી રાજુભાઈ પટેલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ પી.આર. રાણા, તેમજ અધિકારીઓ કર્મચારીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા .

# ગુજરાત વિધાનસભામાં યુવા મોડેલ એસેમ્બલી યોજાઇ

### મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ, ધારાસભ્યોએ વિધાનસભાની કામગીરી નિહાળી


(તસ્વીરઃ જનક પટેલ, ગાંધીનગર)

**(પ્રતિનિધિ) ગાંધીનગર,**

ગુજરાત વિધાનસભામાં આયોજીત યુવા મોડેલ અસેમ્બલીમાં આજે સભાગૃહની કામગીરી બરોબર ૧૦ ટકોરે શરૂ થઈ હતી. જેમાં ૧ કલાકનો પ્રશ્ન કાળ પણ રાખવામાં આવ્યો હતો. અને અલગ અલગ વિભગને આવરી લેતા ૩૦ પ્રશ્નો આજે યુવા મેડેલ એસેમ્બલી માં ચર્ચામાં રહ્યા હતાં.

આજે ગુજરાત વિધાનસભા દેશમાં સૌ પ્રથમ વખત યુવા મોડેલ એસેમ્બલી નું આયોજન વિધાનસભા ના અધ્યક્ષ ડૉ. નીમા બેન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પસંદ પામેલા ૧૮૨ વિદ્યાર્થીઓ પૈકી ૧૫ વિદ્યાર્થીઓમાં ૧૩ અલગ અલગ વિભાગના મંત્રી બનાવવામાં આવ્યા હતા જ્યારે એક વિદ્યાર્થી મુખ્યમંત્રી અને અન્ય એક વિદ્યાર્થીને વિપક્ષના નેતાની જવાબદારી સોંપી હતી એ છે કે દરમિયાન મુખ્યમંત્રી બનેલા અમદાવાદના રોહન રાવલે વિભાગ ને લગતી બાબતોના ઊંડાણપૂર્વક ઉત્તારો આપતા અન્ય ધારાસભ્ય બનેલા વિદ્યાર્થીઓએ પાટલી થપ થપાવીને અદલ વિધાનસભાના જેવું વાતાવરણ બનાવ્યું હતું જ્યારે વિભક્તિ નેતા બનેલા ગાંધીનગરના ગૌતમ દવે એ સરકારની વિવિધ માગણીઓ અને ચર્ચામાં ખેડૂતોની આવક કૃષિક્ષેત્રની બાબતો અને બજેટ મુદ્દે ધારદાર આક્રમક દલીલો કરી હતી. પરિણામે કોંગ્રેસના ધારાસભ્ય બનેલા વિદ્યાર્થીઓએ વિપક્ષના નેતા તરફથી થયેલી દલીલોને પણ પાટલી થપ થપાવીને વધાવ્યા હતા ગુજરાત વિધાનસભા ખાતે યોજાયેલા આ યુવા મોડેલ એસેમ્બલીમાં વિદ્યાર્થીઓને સ્ક્રીપ્ટ મુજબ પેટા પ્રશ્નો પૂછવાની પણ તક મળી હતી જેમાં બંને પક્ષે આક્રમક દલીલો પણ કરવામાં આવી હતી આ ઉપરાંત કોંગ્રેસના વિદ્યાર્થી ધારાસભ્યોએ સવાલો સામે સૂચનો પણ કર્યા હતા આ તબક્કે કોંગ્રેસના વિદ્યાર્થી ધારાસભ્યોઓ એ વધતા જતા ડીઝલના ભાવ સામે સરકાર ખેડૂતોને સબસીડી આપે તેવી માગણી કરી હતી સાથે સાથે જીએસટી મુદ્દે પણ આક્રમક દલીલો કરી હતી આ તબક્કે કોંગ્રેસના અન્ય એક વિદ્યાર્થી આકાર મહેતાએ વીજળીની વિકટ સમસ્યાઓને આક્રમક શૈલી થી ઉજાગર કરી હતી અને વક્તવ્યમાં પોતાનો વિરોધ પણ દર્શાવ્યો હતો તો બીજી તરફ વર્તમાન સરકારની ધારાસભ્ય બનેલી વિદ્યાર્થીની એ વિધાનસભા ગૃહમાં સરકારની કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓની કવિતા અને વિવિધ પંક્તિઓ સાથે વિધાનસભા ગૃહમાં રજૂ કરી હતી જેને અન્ય વિદ્યાર્થી ઓએ વધાવી હતી. ઉલ્લેખનીય છે કે આજની પ્રશ્નોત્તરી ઉપરાંત કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ ઉપર અને મતદાનની ૪૫ મિનિટ ચર્ચા ચાલી હતી જ્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ઉપરની ચર્ચા અને મતદાન પણ ૪૫ મિનિટ સુધી બંને પક્ષે રહી હતી તો બીજી તરફ ગુજરાત રમતગમત યુનિવર્સિટી વિધેય ઉપર ૬૦ મિનિટની ચર્ચા નિશ્ચિત કરવામાં આવી છે આ ઉપરાંત બિનસરકારી સંકલ્પો પણ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે જેમાં ગ્લોબલ વોર્મિંગ ક્લાઈમેન્ટ ચેન્જ અને શાળા પ્રવેશ ઉત્સવ જેવા વિષયો સાથે વિદ્યાર્થીઓ દ્વારા બિનસરકારી સંકલ્પ ઉપર ઘનિષ્ઠ ચર્ચા કરવામાં આવશે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભા ના અધ્યક્ષ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે જો કે સમગ્ર દિવસ દરમિયાન ચાલેલા યુવા મોડલ એસેમ્બલીમાં બંને પક્ષે ટીકા સૂચનો અને વખાણ સાથે રસપ્રદ ચર્ચાઓ કરવામાં આવી હતી તો બીજી તરફ કોરોના વેક્સિન ધર્મ તરીકે જેવા મુદ્દાઓને પણ વિદ્યાર્થીઓએ વણી લીધા હતા અને આક્રમક શૈલીથી વિધાનસભા ગૃહમાં પોતાના વક્તવ્ય આપ્યા હતા જ્યારે સમાન ધોરણે એટલે કે ૧૮૨ ધારાસભ્યો પૈકી અડધો અડધ વિદ્યાર્થીનીઓને ગુજરાત વિધાનસભામાં યુવા મોડેલ એસેમ્બલીમાં સ્થાન મળ્યું છે

## ઓખામાં ફાટકના સ્થાને ઓવરબ્રીજને મંજૂરી

ઓખાઃ ફાટક મુકત ગુજરાત અભિયાન અંતર્ગત ઓખામાં પણ ગામ અને બાજારનો જોડતા રેલવેફાટક ઉપર ઓવરબ્રીજને મંજૂરી આપવામાં આવી છે. આ ફાટક સ્થાનીક લોકો માટે શિરદર્દ સમાન બન્યું છે. આખા દિવસમાં લગભગ ૨૦ થી ૩૦ વખત ખોલ બંધ થાય છે. તેના કારણે સ્કૂલે જતાં વિધાર્થીઓ મુસાફરો, વેપારીઓની હાલાકી વધી છે. હવે ઓવરબ્રીજને મંજૂરી મળી છે. તા.૨૨ ના રોજ ખાતમુહુર્ત થવાનું હતું પણ છેલ્લી ઘડીએ મોકુફ રાખવામાં આવ્યું. હવે કયારે મુહુર્ત આવશે તેની સ્થાનીક લોકો રાહ જોઈ રહયા છે.

## ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ અનારક્ષિત એક્સપ્રેસ ટ્રેન દોડતી થઈ

**અમદાવાદ,**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન તારીખ ૨૧ જુલાઈ ૨૦૨૨થી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન ૧૯૪૦૬ ગાંધીધામ - પાલનપુર એક્સપ્રેસ સવારે ૦૬:૦૦ કલાકે ગાંધીધામથી ઉપડીને તે જ દિવસે ૧૨:૪૦ કલાકે પાલનપુર પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નંબર ૧૯૪૦૫ પાલનપુર - ગાંધીધામ એક્સપ્રેસ પાલનપુર થી ૧૩:૧૦ કલાકે ઉપડીને તે જ દિવસે ૧૯:૫૦ કલાકે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓ માં ભીમાસર, ચિરઈ, ભચાઉ, વોંધ, સામાખ્યાલી , લકડિયા, શિવલાખા, ચિરોડ, કિડિયાનાગર, પદમપુર, ભુટકિયા ભીમાસર, આડેસર, લખપત, પીપરાલા, ગરમડી, સાંતલપુર, છાંણસરા, વાઘપુરા, વારાહી, પીપળી, રાધનપુર, દેવગામ, ભાભર, મીઠા, દિયોદર, ધનકવાડા, જસાલી, ભીલડી, લોરવાડા, ડીસા અને ચંડીસર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એક કોચ એસી ચેર કાર (આરક્ષિત) અને ૧૦ સામાન્ય વર્ગના બિનઆરક્ષિત કોચ હશે.

ટ્રેન નંબર ૧૯૪૦૬/૧૯૪૦૫ માટે એસી ચેર કારનું બુકિંગ ૨૦મી જુલાઈ, ૨૦૨૨થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર ખુલ્લું છે. ટ્રેન નંબર ૦૯૪૦૫/૦૯૪૦૬ પાલનપુર-રાધનપુર-પાલનપુર સ્પેશિયલ પેસેન્જર ટ્રેનનું સંચાલન કાયમ માટે બંધ થઈ જશે. ટ્રેનના સ્ટોપેજ, સમય, સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને મુલાકાત લઈ શકે છે.


**નામ બદલાવેલ છે**

મે મારૂ નામ **કનેરીયા હસિતભાઈ અનંતરાય** માંથી બદલાવીને **કનેરીયા હસિતકુમાર અનંતરાય** કરેલ છે

સી-જીએફ-૦૦૨, ક્રીષ્ણા કેસેલ, સાયન્સ સિટી, અમદાવાદ-૩૮૦૦૬૦

**નામ બદલાવેલ છે**

મે મારૂ નામ **કનેરીયા માનવ હસિતભાઈ** માંથી બદલાવીને **કનેરીયા માનવ હસિતકુમાર** કરેલ છે

સી-જીએફ-૦૦૨, ક્રીષ્ણા કેસેલ, સાયન્સ સિટી, અમદાવાદ-૩૮૦૦૬૦

**નામ બદલાવેલ છે**

મે મારૂ નામ **કનેરીયા શિલ્પાબેન હસિતભાઈ** માંથી બદલાવીને **કનેરીયા શિલ્પાબેન હસિતકુમાર** કરેલ છે

સી-જીએફ-૦૦૨, ક્રીષ્ણા કેસેલ, સાયન્સ સિટી, અમદાવાદ-૩૮૦૦૬૦

**જાહેર ચેતવણી**

આઈડી કાર્ડ ખોવાયેલ છે. આથી હું, વિશાલ કલાપા સાંગવે જાહેર કરું છું કે મારુ HDFC Bankનું આઈડી કાર્ડ કે જેને નંબર - 220309293500140 છે તે વસ્ત્રાલ વિસ્તાર માંથી ખોવાઈ ગયેલ છે જેને પણ આ આઈડી કાર્ડ મળે તો નીચેના નંબર પર સંપર્ક સાધવા વિંનતી

**Mo.:9586581119**

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**

**Franklin Templeton Mutual Fund**

Cordially invites you for a program under it's **Investor Education and Awareness Initiative.**

Venue :
Emerald Restaurant & Banquet, Sai Avenue, National Highway 8, Narol Naroda Road, Naroda Ahmedabad

Date: 24th July, 2022
Time: 10.30 a.m.

Contact Person: Pravin Sumesara (9898018526)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.

All Covid protocols will be followed.

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**


## જાહેર નોટીસ

જત જીલ્લા અરવલ્લીના સબ ડીસ્ટ્રીક્ટ મોડાસાના મોજે ડુંગરવાડા, તા.મોડાસાની સીમના રે.સર્વે.નં.૨૧૩ (જૂનો સ.નં.૩૨૫) જેનો ખાતા નં.૨૮૬ વાળી ખેતીલાયક બિન પિયત જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૨-૨૫-૭૮ છે જે જમીન ચમાર કાંતિભાઈ ધનાભાઈ, ચમાર જેઠાભાઈ ધનાભાઈ, ચમાર શાંતાબેન ધનાભાઈ, ચમાર મધીબેન ધનાભાઈ, ચમાર કમળાબેન ધનાભાઈ તથા ચમાર હીરાબેન ધનાભાઈ નાઓના નામે પોતાની કુલ સંયુક્ત કબજા ભોગવટાની માલીકીની અને ખુદ ખેડના હક્ક વાળી આવેલી હોવાનું જણાવી તેઓએ સદર જમીનના માલિકી અંગેના રાઈટ ટાઈટલ્સ ચોખ્ખા માર્કેટેબલ હોવા સંબંધી અમારી પાસે પ્રમાણપત્રની માંગણી કરેલ છે.

સબબ સદર જમીન પરત્વે અન્ય કોઈના કોઈ જાતના લાગભાગ, હક્ક, હિસ્સા, બાનાખત, કબજા હક્ક, ગણોત હક્ક વગેરે કોઈ પાષાતો હોયતો તેઓએ આજથી દિન-૭માં લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત અમોને નીચે જણાવેલ સરનામે જાણ કરવી અથવા રૂબરૂ મળવું. અન્યથા ઉપરોક્ત જણાવેલ સમય વિતેથી સદર જમીન પરત્વે અન્ય કોઈનો કોઈ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સા, બાનાખત, કબજા હક્ક, ગણોત હક્ક વગેરે કોઈ પાષાતો હોય તો તે વેવ કરેલ છે તેમ માની ઉપરોક્ત ઈસમની તરફેણમાં સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું માની ટાઈટલ્સ ક્લિયરન્સ સર્ટિફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદકોઈપણ જાતની તકરાર ચાલશે નહીં જેની સર્વે જાહેર જનતાએ નોંધ લેવી.

**મારી સુચના અને ફરમાઈશથી**

ચમાર કાંતિભાઈ ધનાભાઈ, ચમાર જેઠાભાઈ ધનાભાઈ, ચમાર શાંતાબેન ધનાભાઈ, ચમાર મધીબેન ધનાભાઈ, ચમાર કમળાબેન ધનાભાઈ, ચમાર હીરાબેન ધનાભાઈ

આજરોજ તા.૨૦/૦૭/૨૦૨૨
મુકામઃ મોડાસા

**મારી મારફતે**

**જે.એમ.સોની એડવોકેટ, કમલ જે.સોની એડવોકેટ વિશાલ એન.સોની, એડવોકેટ**

ઓફીસઃ બી/૨૦૩, બીજો માળ, બાલાજી કોમ્પ્લેક્ષ, માલપુર રોડ, મોડાસા ૩૮૩૩૧૫ (જી.અરવલ્લી) મો.નં.૯૯૭૯૮ ૫૭૮૮૮, ૯૪૨૬૫ ૫૭૮૮૮

## UNICK FIX-A-FORM & PRINTERS LTD.

**(CIN L25200GJ1993PLC019158)**
Regd. Off: Block No. 472, Tajpur Road, Changodar, Taluka: Sanand, Ahmedabad: 382213
Tel: 91-9978931303/04/05. Email:info@unickfix-a-form.com
**website: www.unickfix-a-fom.com**

**NOTICE IN NEWSPAPER**

Pursuant to Regulation 33 and 29 read with Regulation 47 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements)Regulations, 2015, Notice is hereby given that the 02nd Meeting of Unick Fix-a-form & Printers Limited for the year 2022-23 of the Board of Directors of the Company is scheduled to be held through Video Conferencing on Friday, July 29th, 2022 at 03:00 P.M. inter alia, to consider and approve the Standalone Un-Audited Financial Results of the Company for the First quarter and to transact other incidental and ancillarymatters.

**FOR UNICK FIX-A-FORM & PRINTERS LTD.**
**sd/-** Bhupen Navnit Vasa
Managing Director
DIN: 00150585

**Place : Changodar**
**Date :July 22nd, 2022**

## કોરલ લેબોરેટરીઝ લિમિટેડ

**નોંધણીકૃત કાર્યાલયઃ** એસ એફ-૨૦૬, સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બીપીસી રોડ, વડોદરા, ગુજરાત – ૩૯૦૦૨૦.
**કોર્પોરેટ કાર્યાલયઃ** ૩/બી, પાટણવાલા કમ્પાઉન્ડ, શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર – ૪૦૦૦૮૬. **ફોન :** ૦૨૨–૨૫૦૦ ૫૨૪૫
**ઈમેલ :** cs@corallab.com | **વેબસાઈટ :** www.corallab.com
**CIN:** L24231GJ1997PLC031669

**શેરધારકોને નોટીસ**
**ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)માં ઈક્વિટી શેર ટ્રાન્સફર થવા બાબતે**

આથી શેરધારકોને અહીં જણાવવામાં આવે છે કે, સમયાંતરે સુધારવામાં આવેલા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ (''નિયમો'')ની સાથે વંચાતા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬)ની જોગવાઈઓ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માટે જાહેર કરવામાં આવેલા અંતિમ ડિવિડન્ડ, કે જે ૭ (સાત) વર્ષ વીતી ગયાં હોવા છતાં જેની પર હજુ સુધી દાવો કરવામાં આવ્યો નથી, તેને **૨૪ ઓક્ટોબર, ૨૦૨૨ના** રોજ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ)માં જમા કરાવી દેવામાં આવશે. જેની પર સતત સાત વર્ષ સુધી દાવો કરવામાં આવ્યો નથી, તેવા તદનુરૂપ શેર્સને પણ નિયમોમાં નિર્ધારિત કરવામાં આવેલી પ્રક્રિયા મુજબ આઈઈપીએફના ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી જરૂરિયાતોનું પાલન કરીને જેમના શેર્સ આઈઈપીએફના ડીમેટ ખાતામાં ટ્રાન્સફર થઈ જવાના છે, તેવા તમામ સંબંધિત હિતધારકોને તેમના તાજેતરમાં ઉપલબ્ધ સરનામે સૂચના/નોટીસો મોકલવામાં આવી રહી છે. કંપનીએ તેની વેબસાઈટ www.corallab.com પર આવા શેરધારકોની સંપૂર્ણ વિગતો અપલોડ કરેલી છે.

આ સંબંધમાં કૃપા કરીને અહીં નીચેના મુદ્દાઓને ધ્યાન પર લોઃ

૧. **જો તમે ફીઝિકલ સ્વરૂપમાં શેર ધરાવતા હો તોઃ** તમારા નામે રજિસ્ટર થયેલા ઓરિજિનલ શેર સર્ટિફિકેટ(ટો)ની અવેજીમાં ડુપ્લિકેટ શેર ઈશ્યૂ કરવામાં આવશે અને તેને આઈઈપીએફને ટ્રાન્સફર કરી દેવામાં આવશે તથા તમારી પાસે રહેલા ઓરિજિનલ શેર સર્ટિફિકેટ આપમેળે રદ થઈ જશે અને તેને બિન–વટાઉ ગણવામાં આવશે.

૨. **જો તમે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર ધરાવતા હો તોઃ** તમારા ડીમેટ ખાતામાંથી આઈઈપીએફને ટ્રાન્સફર થવા માટે જવાબદાર શેર્સ ઉધારાઈ જશે.

**૧૫ ઓક્ટોબર, ૨૦૨૨ના** રોજ અથવા તેના પહેલાં માન્ય દાવો પ્રાપ્ત નહીં થવાની ઘટનામાં કંપની આગળ વધુ કોઈ નોટીસ આપ્યાં વગર કોર્પોરેટ કાર્યવાહી હાથ ધરી આઈઈપીએફ ઓથોરિટીને આ શેર્સ ટ્રાન્સફર કરવા માટે આગળ વધશે. અહીં કૃપા કરીને એ બાબત ધ્યાનમાં રાખો કે ઉક્ત નિયમોનું પાલન કરીને આઈઈપીએફને ટ્રાન્સફરી કરી દેવામાં આવેલ દાવો નહીં કરવામાં આવેલી ડિવિડન્ડની કોઈ રકમ કે શેર્સના સંદર્ભમાં કંપની વિરુદ્ધ કોઈ દાવો માંડી શકાશે નહીં.

અહીં એ નોંધવું જોઈએ કે, સંબંધિત શેરધારકો આઈઈપીએફની વેબસાઈટ www.iepf.gov.in પર ઉપલબ્ધ નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યાં મુજબ, નિર્ધારિત કરવામાં આવેલા ફોર્મ આઈઈપીએફ–૫માં ઓનલાઈન અરજી કરીને તથા ફોર્મ આઈઈપીએફ–૫માં જણાવવામાં આવેલા જરૂરી દસ્તાવેજોની ફીઝિકલ નકલ કંપનીના નોડલ ઓફિસરને મોકલાવીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી આઈઈપીએફના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયેલા દાવો નહીં કરવામાં આવેલી ડિવિડન્ડની રકમ અને શેર્સ પર હક–દાવો કરી શકે છે.

વધુ વિગતો માટે અથવા તો ઉપરોક્ત બાબતે કોઈપણ પ્રકારની પૂછપરછ માટે શેરધારકોને કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મેસર્સ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે, જેમનું સરનામું છેઃ સી–૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦૦૮૩, ટેલિ. નં. (૦૨૨) ૪૯૧૮૬૨૭૦, ઈ–મેઈલઃ rnt.helpdesk@linkintime.co.in

**કોરલ લેબોરેટરીઝ લિમિટેડ વતી**
**હસ્તાક્ષરકર્તા/-**
**રચી અંજારિયા**
**કંપની સેક્રેટરી એન્ડ કોમ્પલાયેન્સ ઓફિસર**

**સ્થળઃ** મુંબઈ
**તારીખઃ** ૨૨મી જુલાઈ, ૨૦૨૨

## આશિમા લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: ટેક્ષલન્સ કોમ્પલેક્ષ, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ – ૩૮૦ ૦૨૧.
કોર્પોરેટ ઓળખ નંબર : L99999GJ1982PLC005253
ફોન નંબર : +91 79 67777000 ફેક્સ નંબર : +91 79 22773061
વેબસાઈટ : www.ashima.in ઈ-મેઈલ આઈડી : investor_redressel@ashima.in

**૩૯મી વાર્ષિક સાધારણ સભા અંગેની માહિતી બાબત**

આથી નોટિસ આપવામાં આવે છે કે કોર્પોરેટ ઓફિસ મંત્રાલયનાં (એમસીએ) સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે ૨૦૨૦, ૦૨/૨૦૨૧ તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, અને ૨/૨૦૨૨ તારીખ ૫મી મે, ૨૦૨૨ તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પરિપત્ર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ 12મી મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ 15મી જાન્યુઆરી, ૨૦૨૧,અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ 13મી મે, ૨૦૨૨ (સામુહિક રીતે પરીપત્રો) અને કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ તેમજ નિયમો અનુસાર કંપનીની ૩૯મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરુવાર, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૨ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે માત્ર વિડિયો કોન્ફરંસીંગ (વિસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરીપત્રોનાં અનુપાલનને ધ્યાનમાં રાખીને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને વાર્ષિક અહેવાલ માત્ર ઈ-મેઇલ દ્વારા એજ સભાસદોને મોકલવામાં આવશે કે જેઓના ઈ-મેઇલ આઇડી કંપની/રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ/ડિપોઝિટરી પાર્ટીસીપેન્ટસ માં નોંધાયેલ છે. કંપનીની ૨૦૨૧-૨૨ની વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ : www.ashima.in તેમજ બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઇટ: www.bseindia.com અને www.nseindia.com તેમજ સેંટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઇટ : www.evotingindia.com પર પણ મળી રહેશે.

**ઈ-મેઇલ આઈડી નોંધાવવા / સુધારવા બાબત**

૧. કંપનીના જે સભાસદો ફિઝિકલ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી કંપનીમાં અને રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજંન્ટ પાસે રજીસ્ટર કરાવેલ નથી તે સભાસદો તેમનાં ફોલીઓ નંબર, નામ, મોબાઇલ નંબર, તેમજ સેલ્ફ એટેસ્ટેડ પાનકાર્ડ અને આધાર કાર્ડની સ્કેન કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી investor_redressel@ashima.in પર અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજંટ લીંક ઈનટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના ઈ-મેઈલ આઈડી ahmedabad@linkintime.co.in પર મોકલાવીને નોંધાવી/સુધરાવી શકશે.

૨. જે સભાસદો ડિમેટ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી રજીસ્ટર કરવેલ નથી તે સભાસદો તેમના સંબધિત ડિપોઝિટરી પાર્ટિસિપેંટ (ડીપી) નો સંપર્ક કરી ઈ-મેઈલ આઈડી નોંધાવી / સુધરાવી શકશે.

**વાર્ષિક સાધારણ સભા માટે વોટિંગ કરવા અંગે**

વાર્ષિક સાધારણ સભાની નોટિસ માં જણાવ્યા મુજબના કામકાજ અંગે સભાસદો તેમનો વોટ રિમોટ ઈ-વોટિંગ થી અથવા વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઈ-વોટિંગથી પણ આપી શકશે. જે સભાસદો ફિઝિકલ કે ડિમેટ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી કંપનીમાં અથવા તેમના સબંધિત ડીપી પાસે રજિસ્ટર્ડ કરાવેલ નથી તે સભાસદો માટે વોટિંગ પ્રક્રિયાની પૂરી માહિતી એજીમ ની નોટિસમાં આપેલ છે.

પરીપત્રોના અનુપાલનને ધ્યાનમાં લઈ ઉપરોક્ત માહિતી સભાસદોના લાભ માટે આપવામાં આવેલી છે. સભાસદો ને વિનંતી કે તેઓ વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને ખાસ કરીને તેમાં જણાવેલી સભામાં ભાગ લેવા કે રિમોટ ઈ-વોટિંગ અને સભા દરમ્યાનના વોટિંગ અંગેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચે.

**આશિમા લિમિટેડ વતી**
**શ્વેતા સુલતાનીયા**
**કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફીસર**

તારીખ : ૨૧/૦૭/૨૦૨૨
સ્થળ : અમદાવાદ

## યુપીએલ લિમિટેડ

**CIN:L24219GJ1985PLC025132**

રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, વલસાડ-૩૯૬ ૧૯૫ , ગુજરાત.
ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

### યુપીએલ લિમિટેડના શેરહોલ્ડરોની ૩૮મી એન્યુઅલ જનરલ મિટીંગની સૂચના અને ઇ-વોટિંગ અંગેની માહિતી

૧. આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૩૮મી એન્યુઅલ જનરલ મીટીંગ (**''એજીએમ''**) **શુક્રવાર, ૧૨મી, ઓગસ્ટ ૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે (ભારતીય સમય મુજબ)** વિડીયો કોન્ફરન્સિંગ / અન્ય વિઝ્યુઅલ મીન્સ (**''વીસી ફેસીલીટી''**) દ્વારા લેવામાં આવશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળના નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસક્લોઝર રીક્વાયરમેન્ટસ)ના નિયમો, ૨૦૧૫ (**''સેબી''**)ના પાલન સાથે, અને મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ **(એમસીએ)** દ્વારા રજૂ કરાયેલા અન્ય લાગુ પરિપત્રો અને સેબી **(સામૂહિક રૂપે લાગુ પરિપત્રો તરીકે ઓળખાય છે)**, જે એજીએમ બોલાવવાની સૂચનામાં જણાવેલા કાર્યો પાર પાડવા માટે સભ્યો વીસી ફેસીલીટી દ્વારા એજીએમ પર હાજરી આપીને વોટિંગ કરી શકશે. વૈકલ્પિક રીતે, સભ્યો https://www.evoting.nsdl.com પર લિંક દ્વારા એજીએમનું લાઈવ વેબકાસ્ટ જોઈ શકે છે. વીસી ફેસીલીટી સુવિધા દ્વારા ભાગ લેનારા સભ્યોને ફક્ત એજીએમ ખાતે હાજર હોવાનું માનવામાં આવશે અને તેમની હાજરી કોરમના હેતુ માટે પાત્ર ગણવામાં આવશે.

૨. લાગુ પડેલા પરિપત્રોના પાલનમાં એજીએમની નોટીસ અને સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ નાણાંકીય નિવેદનો, નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે બોલાવેલી નોટિસ સાથે બોર્ડનો રિપોર્ટ, ઓડિટર્સ રિપોર્ટ અને તેમાં જોડાયેલા અન્ય દસ્તાવેજો ગુરુવાર ૨૧મી જુલાઈ, ૨૦૨૨ના રોજ મોકલવામાં આવ્યા છે. કંપનીના એવા સભ્યોને કે જેમના ઈમેઈલ સરનામાંઓ કંપની/ડિપોઝિટરી સહભાગી (ઓ) સાથે નોંધાયેલા છે. ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.upl-ltd.com પર અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઈટ્સ પર, એટલે કે www.bseindia.com બીએસઈ લિમિટેડ અને www.nseindia.com નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લીમીટેડ પર અને એનએસડીએલની વેબસાઈટ પર https://www.evoting.nsdl.com. પર પણ અનુક્રમે ઉપલબ્ધ રહેશે.
એજીએમની નોટીસમાં ઉલ્લેખીત દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક પધ્ધતી દ્વારા ઉપલબ્ધ છે. સભ્ય આ દસ્તાવેજોનું નિરીક્ષણ કોઈપણ ચાર્જ ભર્યા સિવાય જોઈ શકશે. આ દસ્તાવેજો જાહેરાતની તારીખથી એજીએમની તારીખ સુધી ઉપલબ્ધ રહેશે. આવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવાની માંગ કરનાર સભ્ય upl.investors@upl-ltd.com પર ઈમેઈલ મોકલી શકે છે.

૩. **રિમોટ ઇ-વોટીંગ અને એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ માટેની સૂચનાઃ**
એ. કંપની તેના સભ્યોને એજીએમ પર ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મંજૂર થવાના સૂચિત ઠરાવો પર મત આપવાના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે **(''ઇ-વોટિંગ'')**. નીચે જણાવેલા સમયગાળા દરમ્યાન એનએસડીએલની ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલીનો ઉપયોગ કરીને, સભ્યો તેમના મત ''રીમોટ ઈ-વોટિંગ'' ના માધ્યમથી આપી શકે છે.
બી. ઉપરોક્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ પ્રણાલી દ્વારા વોટિંગ કરવાની સુવિધા પણ એજીએમ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે જે સભ્ય રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત(ઓ)નો ઉપયોગ નથી કર્યો. એવા સભ્યો એજીએમમાં હાજર રહી ઈ-મતદાન દ્વારા પોતાનો મત આપી શકશે.
સી. રિમોટ ઈ-વોટિંગ દ્વારા જે સભ્યોએ પોતાનો મત આપ્યો છે તે પણ એજીએમમાં હાજર થઈ શકે છે પરંતુ તેઓ ફરીથી એજીએમ પર પોતાનો મત આપવાના હકદાર રહેશે નહીં.
ડી. ઈ-વોટિંગ સુવિધા પ્રદાન કરવા માટે કંપનીએ એજન્સી તરીકે એનએસડીએલની સેવાઓ લીધી છે.
ઈ. એજીએમની સૂચનાના ભાગ રૂપે વીસી ફેસિલીટી પ્રક્રિયા દ્વારા અને ઈ વોટિંગ માટેની માહિતી અને સૂચનાઓ નોટીસમાં આપવામાં આવી છે.
એફ. રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ થશેઃ
**રિમોટ ઇ-વોટિંગનો પ્રારંભ : મંગળવાર ૯મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે** (ભારતીય સમય મુજબ)
**રિમોટ ઇ-વોટિંગ સમાપ્તી : ગુરુવાર ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સાંજ ૫.૦૦ વાગ્યે** (ભારતીય સમય મુજબ)
જી. જે સભ્યોના નામ (કટ ઓફ તારીખ) જે **શુક્રવાર ૫મી ઓગસ્ટ, ૨૦૨૨**ના રોજ કંપનીના સભ્યોના રજીસ્ટરમાં વાસ્તવિક રીતે અથવા ડિપોઝીટરી તરફથી બેનિફિસીઅલ માલિકી લીસ્ટમાં નોંધાયેલા હશે એવા સભ્યો જ રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરવા પાત્ર ગણાશે. જે શેરધારકો ઠરાવો પર મત આપ્યા પછી મતમાં ફેરબદલ કરી શકશે નહીં. રિમોટ ઈ વોટીંગ સમાપ્તી પછી એનએસડીએલ દ્વારા ઈ વોટીંગનું મોડ્યુલ વોટિંગ માટે નિષ્ક્રિય કરવામાં આવશે.
એચ. જે કોઈ વ્યક્તિ નોટીસ મોકલાવ્યા પછી કંપનીનો સભ્ય બને અને તેનુ નામ કટ ઓફ તારીખ જે **શુક્રવાર ૫મી ઓગસ્ટ, ૨૦૨૨**ના દિવસે હોય એવા સભ્યોએ લોગીન આઈડી અને પાસવર્ડ માટે એનએસડીએલ evoting@nsdl.co.in. ઉપર વિનંતી કરવી. જે સભ્ય પહેલેથી એનએસડીએલમાં રીમોટ ઈ વોટીંગ માટે રજીસ્ટર હોય તો એવી વ્યક્તિ પોતાનો અગાઉનો યુઝર આઈડી અને પાસવર્ડ વોટીંગ માટે વાપરી શકે છે.

૪. **કંપની/ડિપોઝિટરીમાં સભ્યો દ્વાર ઇમેઇલ સરનામાંઓ નોંધણી/અપડેટ કરવાની રીતઃ**
એ. ફીઝીકલ સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો, ફોલિયો નંબરની વિગતો સાથે કંપનીને પત્ર લખીને અને upl.investors@upl-ltd.com પર પાનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જોડીને અથવા લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પર તેમની ઈમેઈલ આઈડી rnt.helpdesk@linkintime.co.in. પર નોંધણી / અપડેટ કરી શકે છે.
બી. ડિમટીરીયલાઈઝડ મોડમાં શેર ધરાવતા સભ્યો, ડિપોઝિટરી સહભાગીઓ કે જેની સાથે તેઓ પોતાનું ડિમેટ ખાતું ધરાવે છે ત્યાં તેમના ઈમેઈલ આઈડી નોંધણી / અપડેટ કરી શકે છે.

૫. **એવા શેરહોલ્ડરો કે જેમના ઇમેઇલ આઈડી રજીસ્ટર નથી તેઓને ઇ-વોટિંગ કરવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાની પ્રક્રિયા નીચે મુજબ છેઃ**
એ. જેની પાસે શેર ફિઝીકલ સ્થિતિમાં છે, તો કૃપા કરીને ફોલિયો નંબર, શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાનકાર્ડની સ્વ પ્રમાણિત સ્કેન કરેલી નકલ અને આધાર કાર્ડ ઈમેઈલ દ્વારા evoting@nsdl.co.in પર ઈમેઈલ કરો.
બી. જો શેર ડીમેટ મોડમાં ધરાવે છે, તો કૃપા કરીને ડીપીઆઈડી-સીએલઆઈડી (૧૬ ડિજીટ ડીપીઆઈડી +સીએલઆઈડી અને ૧૬ ડિઝીટ બેનીફીસીયેર આઈડી) નામ, ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલો, પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ અને આધાર કાર્ડને evoting@nsdl.co.in પર ઈમેઈલ કરો.

રીમોટ ઈ વોટીંગ બાબત કોઈપણ પ્રશ્નો/સમસ્યા હોય તો શેરધારકો માટે અવાર નવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)નો સંદર્ભ લો અને શેરધારકો માટે ઈ વોટીંગ માર્ગદર્શિકા www.evoting.nsdl.com વિભાગ પરથી ડાઉનલોડ કરો અથવા ટોલ ફ્રી નંબર પર ૧૮૦૦-૧૦૨૦-૯૯૦ અને ૧૮૦૦ ૨૨૪ ૪૩૦ પર ફોન કરો અથવા evoting@nsdl.co.in પર મેનેજર શ્રી સંજીવ યાદવને વિનંતી કરી શકાશે.

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે જો કોઈપણ પ્રશ્નો/ફરિયાદના નિવારણ માટે નીચે જણાવેલ સરનામા પર સંપર્ક કરવાની નોંધ લેવી.

**મે.લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા. લિ.,**
**રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ**
**સરનામુંઃ એકમ : યુપીએલ લીમીટેડ સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલ.બી.એસ.માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઇ- ૪૦૦૦૮૩, ટેલિ નંબરઃ +૯૧ ૨૨ ૪૯૧૮૬૨૭૦,**
**ઇ-મેઇલઃ** rnt.helpdesk@linkintime.co.in

**યુપીએલ લિમિટેડ વતી,**
**સહિ**
**સંદીપ દેશમુખ**
**(કંપની સેક્રેટરી અને કંપલાયન્સ ઓફિસર)**

**મુંબઈ**
**૨૧મી જૂલાઈ,૨૦૨૨**